લાભપાંચમ વિશેષાંક
E-mail : poladgujarat@gmail.com
RNI. GUJGUJ/2013/52372
# પોલાદ ગુજરાત
POLAD GUJARAT WEEKLY NEWSPAPER SURAT
Website: www.poladgujarat.com
તંત્રી : ઉત્તમભાઇ બિરહાડે
સહતંત્રી : અશોકભાઇ સોલંકી
● વર્ષ- ૯ ● અંક-૧૨ ● માલિક-મુદ્રક-પ્રકાશક : ઉત્તમ નારાયણ બિરહાડે ● વિક્રમ સંવત : ૨૦૭૮ કારતક સુદ-૫, મંગળવાર ૦૯ નવેમ્બર-૨૦૨૧ ● પાના-૪ ● કિંમત :રૂ. ૨ ●મો. ૯૪૨૬૨ ૨૨૨૬૧ ફેક્સ : ૦૨૬૧-૨૫૨૮૪૫૫
● Year- 9 ● Issue- 12 ● Owner, Publisher, Printer & Editor - UTTAM NARAYAN BIRHADE ● Date: Tuesday 09 November-2021 ● Page- 4 ● Rs. 2-00 ● RNI. GUJGUJ/2013/52372

### સુકમામાં નક્સલી વિસ્તારમાં તૈનાત એક સીઆરપીએફ જવાને

# પોતાના જ સાથીઓ પર ફાયરિંગ કર્યું ૪ જવાનોના મોત-૩ જવાન ઘાયલ



## ગોળી ચલાવનારા સીઆરપીએફ જવાન રિતેશ રંજનને અટકાયતમાં લેવાયો

સુકમાઃ છત્તીસગઢના સુકમાથી મોટા સમાચાર આવ્યા છે. આ નક્સલી વિસ્તારમાં તૈનાત એક સીઆરપીએફ જવાને પોતાના જ સાથીઓ પર ફાયરિંગ કર્યું. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૪ જવાનોના મોત થયા છે. જ્યારે ૩ જવાન ઘાયલ થયા છે. ગોળી ચલાવનારા સીઆરપીએફ જવાન રિતેશ રંજનને અટકાયતમાં લેવાયો છે અને અધિકારીઓ તેની પૂછપરછ કરી રહ્યા છે.

ફાયરિંગ કેમ કર્યું તે કારણ જાણવા મળ્યું નથી

ઘટના રાતે લગભગ ૩.૨૫ વાગ્યાની છે અને સુકમા જિલ્લાના મરઈગુડાના લિંગનપલ્લીમાં સીઆરપીએફની ૫૦મી બટાલિયન કેમ્પમાં જવાને સાથી જવાનો પર જ ફાયરિંગ કરી નાખ્યું. ફાયરિંગ કરનારા જવાનનું નામ રિતેશ રંજન હોવાનું કહેવાય છે. જે રાતે ડ્યૂટી પર તૈનાત હતો. જો કે હજુ પણ અચાનક તેણે આ રીતે પોતાના જ સાથી જવાનો પર ફાયરિંગ કેમ કર્યું તેનું કારણ સામે આવ્યું નથી.

મધરાતે કર્યું ફાયરિંગ

ઘટના રાતે લગભગ ૩.૨૫ વાગ્યાની છે અને સુકમા જિલ્લાના મરઈગુડાના લિંગનપલ્લીમાં સીઆરપીએફની ૫૦મી બટાલિયન કેમ્પમાં જવાને સાથી જવાનો પર જ ફાયરિંગ કરી નાખ્યું. ફાયરિંગ કરનારા જવાનનું નામ રિતેશ રંજન હોવાનું કહેવાય છે. જે રાતે ડ્યૂટી પર તૈનાત હતો.

કારણ હજુ જાણવા મળ્યું નથી.

જો કે હજુ પણ અચાનક તેણે આ રીતે પોતાના જ સાથી જવાનો પર ફાયરિંગ કેમ કર્યું તેનું કારણ સામે આવ્યું નથી. ફાયરિંગમાં મૃત્યુ પામેલા જવાનોમાં ધનજી, રાજીવ મંડલ રાજમણી કુમાર યાદવના નામ સામેલ છે.




### છત્તીસગઢમાં નક્સલીઓએ

## ૧૨માં ધોરણની વિદ્યાર્થીની સહિત ૫ ગ્રામજનોનું અપહરણ કર્યું

નવી દિલ્હી: અપહરણ થયેલા લોકોમાં બારમા ધોરણની છોકરીનો પણ સમાવેશ થાય છે. છત્તીસગઢના સુકમા જિલ્લાના એક ગામમાંથી પાંચ વ્યક્તિઓનું અજ્ઞાત કારણોસર નક્સલીઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે, જેના પગલે સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ ઘટના કોન્ટા પોલીસ સ્ટેશનથી જંગલની અંદર ૧૮ કિલોમીટરના અંતરે આવેલ બાટેર ગામમાં બની હતી, જે રાજ્યની રાજધાની રાયપુરથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર છે. પ્રારંભિક માહિતી મુજબ, નક્સલીઓનું એક જૂથ શનિવારે સાંજે ગામમાં પહોંચ્યું અને બારમા ધોરણની એક છોકરી સહિત પાંચ ગ્રામજનોને બળજબરીપૂર્વક પોતાની સાથે લઈ ગયા. આજે બપોરે અપહરણ વિશે ચેતવણી મળ્યા પછી, સુરક્ષા દળોએ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે, સુકમાના પોલીસ અધિક્ષક સુનીલ શર્માએ જણાવ્યું હતું. તેઓનું અપહરણ કેમ કરવામાં આવ્યું તે સ્પષ્ટ નથી. અંતિમવાદીઓ ગ્રામજનોને ક્યારેક મીટિંગ માટે પણ તેમની સાથે લઈ જાય છે. સર્વ આદિવાસી સમાજ, બસ્તર એ આ પ્રદેશમાં આદિવાસી સમુદાયોની એક શીર્ષ સંસ્થા છે, તેમણે ગ્રામજનોને મુક્ત કરવા નકસલિઓને અપીલ કરી છે.







Indane
IndianOil
इण्डेन
सुरक्षीत.विश्वासनीय.सुविधाजनक

SUBIR INDANE GES AGENCY

AT :-LAHANKADMAL, PO :-SUBIR, TA:-SUBIR, DIST:-DANGS

CONTACT NO. 9328812015

દિવાળી ધમાકા ઓફર

ડાંગ જિલ્લાના તમામ L.P.G ગેસ વાપરતા ગ્રાહકોને સુબીર ગેસ એજન્સી દ્વારા દિવાળી ધમાકા ઓફર આપવામાં આવ્યું છે. જે તારિખ ૦૪/૧૧/૨૦૨૧ થી ૨૦/૧૧/૨૦૨૧ સુધીજ મર્યાદિત છે. જે તાત્કાલિક આપવામાં આવશે.

14 K.G (domestic) કનેકશન ફકત રૂ./- ૨૦૨૦ માં

જેની સાથે આપવામાં આવશે.

૧.એક ટાકી ભરેલી
૨. રેગ્યુલેટર
૩.પાઇપ
૪.ગેસ કનેકશનની બુક

જરૂરી ડોક્યુમેન્ટ આપવાના રેહશે.

૧.આધારકાર્ડ
૨.બેંક પાસબુક
૩.લાઈટ બીલ
૪. એક પાસપોર્ટ સાઈસનો ફોટો









# દિવાળીની વધામણી મીઠાઇ-ફરસાણથી

દિવાળીના પર્વમાં નવી નવી વાનગી બનાવીને અતિથિઓને ખવડાવવાનો આનંદ અનેરો હોય છે. તેમાં પણ ઘરે બનાવેલી વાનગીનો સ્વાદ જરા હટકે હોય છે. દિવાળીમાં ઘરે બનાવી શકાય તેવી કેટલીક તીખી-મીઠી વાનગીઓનો રસથાળ

**કાચા કેળાની ચટપટી સેવ**

સામગ્રી : ૧/૪ ચોખાનો લોટ, અડધો કપ ચણાનો લોટ, ૧ નંગ બાફેલું કાચું કેળું, ૧ નાની ચમચી વાટેલાં આદું-મરચાં, એક ચમચી લીંબુનો રસ, ૧ ચમચી તેલ, અડધી ચમચી બેકિંગ સોડા, સ્વાદાનુસાર મીઠું, તળવા માટે તેલ.

બનાવવાની રીત : એક બાઉલમાં ચોખાનો લોટ, ચણાનો લોટ, સ્વાદાનુસાર મીઠું, બેકિંગ સોડા, ભેળવીને લોટને ચાળી લો. તેમાં બાફેલાં કાચા કેળાનો માવો ભેળવો. આદું-મરચાં, લીંબુનો રસ ભેળવીને લોટ તૈયાર કરો. સેવના સંચામાં લોટ નાખીને ગરમ તેલમાં સેવ પાડો. કડક થાય એટલે કાઢી લો.

**બટર ચકલી**

સામગ્રી : ૫ કપ ચોખાનો લોટ, ૧/૪ માખણ, ૫ નાની ચમચી અડદની દાળ, ૧ નાની ચમચી જીરું, ૧ નાની ચમચી તલ, થોડું દૂધ, સ્વાદાનુસાર મીઠું તળવા માટે તેલ.

બનાવવાની રીત : અડદની દાળને સોનેરી થાય ત્યાં સુધી શેકી લો. ઠંડી થાય એટલે તેને વાટી લેવી. એક મોટા બાઉલમાં દાળના ભૂકાને કાઢી લો. તેમાં ચોખાનો લોટ,આદું-મરચાં, તલ, જીરું ,મીઠું ભેળવીને દૂધ ભેળવો જરૂર મુજબ પાણી લઈને થોડો કડક લોટ બાંધી લો. ચકલી બનાવવાની જાળી ગોઠવીને ચકલી પાડો. ગરમ તેલમાં કડક થાય ત્યાં સુધી તળી લો.

**મીઠા કાજુ શકક્પારા**

સામગ્રી : ૧ કપ કાજુનો પાઉડર, ૧ કપ મેંદો, અડધો કપ દળેલી ખાંડ, ૨ મોટી ચમચી ઘીનું મોણ, ચપટી મીઠું, તળવા માટે તેલ.

બનાવવાની રીત : એક મોટા બાઉલમાં ૧ કપ કાજુ નો પાઉડર, ૧ કપ મેંદો, ૨ મોટી ચમચી ઘીનું મોણ, ચપટી મીઠું ભેળવીને પૂરી જેવો લોટ બાંધી લો. લોટને થોડો સમય રાખી મૂકો. તેમાંથી સોનેરી રંગના શક્કરપારા

બનાવી લો. શક્કરપારા તળીને બહાર કાઢો તેની સાથે તેની ઉપર દળેલી ખાંડ છાંટો. શક્કરપારા હવાબંધ ડબ્બામાં ભરી લો.

**ખજૂર -અંજીર ઘૂઘરા**

સામગ્રી : સવા કપ મેંદો, દોઢ ચમચી ઘી, ચપટી મીઠું, ૧ કપ ઝીણા સમારેલા અંજીર, ૧ કપ ઝીણાં સમારેલા ખજૂર, ૫ ચમચી દળેલી ખાંડ, ૨ ચમચી ઝીણા સમારેલા કાજુ-બદામ, ૧ નાની ચમચી તજનો પાઉડર, ૧ નાની ચમચી એલચીનો પાઉડર, તળવા માટે તેલ.

પડ બનાવવા માટે : એક બાઉલમાં મેંદો લેવો. તેમાં ચપટી મીઠું, દોઢ ચમચી ઘી ભેળવી જરૂર મુજબ પાણી લઈને પૂરી જેવો લોટ બાંધીને મલમલનું કપડું ઢાંકીને રાખો.

પૂરણ માટે : અંજીર અને ખજૂરને ઝીણા સમારીને અલગ રાખવા. એક નોનસ્ટીક કડાઈમાં ધીમી આંચ ઉપર ખજૂરને સતત હલાવતા રહેવું. તેમાં ૨-૩ મિનિટ બાદ અંજીર ભેળવો. ૧-૨ મિનિટ હલાવીને બરાબર માવો બનાવી લો. ઠંડું પડે એટલે તેમાં ઝીણા સમારેલાં કાજુ-બદામ, એલચી પાઉડર, તજનો પાઉડર, ખાંડ ભેળવીને બરાબર હલાવી લો. મેંદાના લોટમાંથી નાની પૂરી બનાવી લો. પૂરીને ઘૂઘરા બનાવવાના મોલ્ડમાં ગોઠવો. અંજીર-ખજૂરવાળું મિશ્રણ ભરી બરાબર બંધ કરી લો. ગરમ તેલમાં સોનેરી રંગના થાય ત્યાં સુધી તળી લેવા.

**કરાચી હલવા**

સામગ્રી : ૧ કપ કોર્નફ્લોર, ૨ કપ ખાંડ, અડધો કપ ઘી, ૧ નાની વાટકી કાજુ-બદામ પિસ્તા ઝીણાં સમારેલા, ચપટી ટાર્ટરિક એસીડ, ૨ ટીપા કેસરી ખાવાનો રંગ અથવા કસરનુ પાણી.

બનાવવાની રીત : કોર્નફ્લોરમાં ૩/૪ કપ પાણી ભેળવીને મિશ્રણ તૈયાર કરો. મિશ્રણમાં ગાંઠા ન પડે તેનું ધ્યાન રાખવું. બરાબર મિક્સ થઈ જાય ત્યારબાદ તેમાં સવા કપ પાણી ભેળવો. બીજી કડાઈમાં ખાંડમાં પોણો કપ પાણી ભેળવીને ઉકળવા દો. ખાંડ બરાબર ઓગળી જાય ત્યાં સુધી પકાવો. કોર્નફ્લોરનું તૈયાર કરેલ મિશ્રણ ભેળવો. ધીમી આંચ ઉપર સતત ૧૦-૧૨ મિનિટ પકાવો. મિશ્રણ ઘટ્ટ થવા આવે એટલે તેમાં ૧/૪ કપ ઘી ભેળવો. ટાર્ટરિક એસીડ ભેળવીને સતત હલાવતા રહો. હલવો તૈયાર થયો હોય તેવું લાગે એટલે તેમાં વધેલું ઘી ભેળવો. કેસરી ખાવાનો રંગ બે ટીંપા અથવા કેસરનું પાણી ભેળવો. એલચી પાઉડર, કાજુ અને ઈલાયચીનો પાઉડર ભેળવી પાંચ મિનિટ સતત હલાવતા રહો. એક થાળીમાં ઘી લગાવી તેમાં મિશ્રણ પાથરી પિસ્તાથી સજાવો. ૩-૪ કલાક સુધી ઠંડું થવા દો. નાના ટુકડાં કાપીને સર્વ કરો.

# દિવાળી એટલે...



અતિ ધાર્મિક પ્રજા ભારતમાં છે એ સાંભળીને મને સાચે જ નવાઇ લાગી હતી કેમ કે ભારતની પ્રજા ધાર્મિકથી વિશેષ ઉત્સવપ્રેમી છે. એકવાર જન્માષ્ટમી શરૂ થઇ એટલે તહેવારો રોકાવાનું નામ જ ન લે. જન્માષ્ટમી પછી તરત જ ગણપતિ બાપા પોતાનો અડીંગો જમાવે અને બાપાને પધરાવીએ ત્યાં તો મંડે ઢોલ-શરણાઇ વાગવા અને યુવાનો કુદી કુદીને નાચે એ પણ નવ નવ રાત્રી! હજુ થાક ઉતારવાનો સમય જતો હોય ત્યાં તો દિવાળીના મંડાણ થઇ ગયા હોય જુના થઇ ગયેલા પેંટ ના પાઇચા ગોઠણથી બટકાવી ચડ્ડી બનાવી માળિયામાં ચડઉતર કરતા પતિ નામના પ્રાણીઓને કાણાં વાળા ગંજી સાથે પત્નીની સલાહ પ્રમાણે બાવા-જાળા સાફ કરતા જોવા એ એક લ્હાવો છે. બે ટાઇમની આદુવાળી ચા અને જમવાની ફીમાં હરાખપદુડો આખો દિવસ ઘારઘાટિની જેમ પરસેવો પાડે.પત્ની એની માઁ સાથે ફોન પર કલાકો સુધી સફાઇ પ્રોગ્રામનો જીવંત ચિતાર આપે અને જ્યારે બે કલાકની વાત પછી એમ કહે કે 'થાકી ગઇ છું મમ્મી પછી નિરાંતે ફોન કરું' ત્યારે માળિયા માથેથી પડતું મૂકવાનું મન થાય.

આપણી ઉત્સવપ્રિય પ્રજા વાઘ બારસથી જ દિવાળીનું સ્વાગત કરવા તૈયાર થઇ ગઇ હોય. મને વાઘ બારસનો મહિમા વર્ષો સુધી નહોતો સમજાણો પણ લગ્ન થયા સાથે જ ખબર પડી કે સારામાં સારો વાઘ ઉદરડો બની જાય છે! આ વાતને મેં એટલી સહજતાથી સ્વીકારી લીધી છે કે હવે કોઇ સાચી વાત કહેવાની કોશિશ કરે તો પણ મને ખબર છે એમ કહીને અટકાવી દઉ છું. કોણ ઘેર પૂછવાની હિંમત કરે! આ પછીનો દિવસ એટલે ધન તેરસ. આ દિવસ એટલે મને જરા પણ ન ગમતો દિવસ કેમ કે ધનતેરસનો મહિમા મેં સંધિ છૂટી પાડીને સમજી જ લીધો છે 'ધન' હોય 'તે' જ 'રસ' લે, આપણે તો લોન પર જીવતા હોઇએ અને હપ્તા ભરવા માટે પણ હપ્તા કર્યા હોય તેમાં ધનતેરસને અને આપણને શું લાગેવળગે? આ પછીનો દિવસ એટલે કાળીચૌદશ. જૂનો અને જાણીતો જોક છે તો પણ આજની તારીખે લોકો હજુ હેપ્પી બર્થડે લખીને મોકલે છે ત્યારે મને એક વિચાર આવે છે કે જેમ દવાઓની એક્સપાયરી ડેઇટ હોય તેમ જોકની પણ એક્સપાયરી ડેઇટ હોવી જોઇએ.સરકારે જુના,ચવાઇ ગયેલા જોક્સ પર કળ ન વળે એવો ટેક્ષ નાખવો જોઇએ. અથવા જે રીતે એક્સપાયર્ડ દવા વેચનાર સામે કાનૂની પગલાં લેવાય છે તેમ જ આવા લોકો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવવી જોઇએ. જોકે આ દિવસે ઘણા લેભાગુ બાબાઓનો જન્મ થાય છે અને હજુ પણ તંત્રમંત્રમાં માનતી પ્રજા આ દિવસ ઉજવતા હોય છે. મેં તો વિજ્ઞાનમાં જ વિશ્ર?વાસ કરતા લોકોને અંધશ્રદ્ધા દૂર કરવા આ દિવસે સ્મશાનમાં રાત્રે ૧૨ વાગ્યે જઇને વડાં ખાતા જોયા છે. હું પણ તેમાં જોડાવ છું, તમે એવું જરા પણ ન ધારી લેતા કે મને વિજ્ઞાનમાં રસ છે, મને વડાંનું વળગણ ખરું એટલે એકલા ન ભાવે તો હું ઘેરથી સાંભાર લઇને જાઉ અને સારી પેટે ખાય લઉ! પણ એક સત્ય એ છે કે પરણેલા માણસે ડાકણથી ડરવાની જરૂર મને નથી લાગતી

દિવાળી સાથે સીઝન પૂરી નથી થતી પણ દિવાળીનો મહિમા વિશેષ છે. આખું ઘર નવે નવું લાગે, રોશની અને દિવાથી ઝળહળતી શેરીઓ, મકાનો, મહોલ્લાઓ, દુકાનો. ઘરના આંગણમાં સજાવેલી ચિરોડીની રંગોળીઓ જોવો તો દિલ બાગબાગ થઇ જાય પણ બીજાના ઘરમાં! આપણને જ ખબર પડે કે મેડો સાફ કરવામાં, શેટ્ટીઓ, સોફાઓ, સામાન ફેરવવામાં કમર કેવી દુખી ગઇ હોય. રોશની માટે દીવામાં પૂરવાના ઘીના રૂપિયા કોની કોની પાસેથી ઉધાર લીધા હોય! અને રંગોળીના કલર લેવામાં આવી રહ્યા હોય કેમ કે ચીટુ, પીટુ, રીન્કુ, મુન્નો આવીને ત્રણ ચાર વાર તો રંગોળી બગાડી જ ગયા હોય! રોશનીનું તો એવું છે કે આજ દિવસ સુધી મેં આજુબાજુ વાળાની 'રોશની' જોઇને જ આનંદ માણ્યો છે એટલે હું આપણા ઘરની રોશનીને બચાવવા પ્રયત્ન કરતો હોઉ છું! આમ તો મેં રૂપિયાના કારણે ઘણા સંબંધો ગુમાવ્યા છે પણ તમે સવાલના પૂછતા 'કેમ?' નહિતર મારે જવાબ આપવો પડશે કે બસ ઉછીના લીધા હોય અને પાછાં ન આપ્યા હોય જોકે જેમની પાસેથી ઉછીના રૂપિયા નથી લીધા એવા ચાર પાંચ મિત્રો સાથે આજે પણ સારા સંબંધો છે એટલે તેમને ત્યાં ચોપડાપૂજનમાં હાજરી આપવા જવાનું થાય છે અને મને તો પેઢીઓથી આ પ્રસંગમાં જવાનું થાય છે એટલે હું કોન્ફિછડન્સ સાથે કહી શકું છું કે હવે આ પૂજનનું નામ કોમ્પ્યૂટર પૂજન થવામાં વાર નહી લાગે એ વાત નક્કી છે! આજે જ મેં એક એડ જોઇ કે તમારા કોમ્પ્યૂટરના ઓનલાઇન પૂજન માટે અત્યારથી જ બુક કરાવો મારો ધ્યેય તો એટલો હોય કે ફટાકડાનો ખર્ચ બચી જાય કેમ કે ચોપડાપૂજન પત્યા પછી ફટાકડા હોસ્ટના જ ફોડવાના હોય. હું તો સહપરિવાર હાજરી આપુ. મારા આ મળતાવડા સ્વભાવને લીધે આજે હું કહી શકું છું કે મારો છોકરો હિંમતવાન બન્યો છે અને એ પણ આવા કોઇકના સૂતળી બોમ્બ ફોડીને! બાકી મેં તો ૬ રૂપિયાનો લવીંગ્યા ટેટાનો બાંધો લઇ દીધો હોય અને એક એક છૂટા પાડીને ફોડાવ્યા હોય. આ તો માલેતૂજાર વ્યક્તિઓ છે કે જે પોતાના રૂપિયાનો ધુમાડો કરી શકે પણ દરેકના નસીબમાં આવું શક્ય નથી બનતું એટલે અમારા કોર્પોરેશને એક સરસ વ્યવસ્થા કરી છે. એક જાહેર સ્ટેડિયમમાં જાત જાતના ફટાકડાઓ ફોડી અને લોકોની દિવાળી સુધારવામાં આવે છે. આવા અલભ્ય ફટાકડાઓ ફૂટતા જોઇને ગરીબ લોકો પોતે ફોડ્યાનો આનંદ મેળવી લેતા હોય છે પણ આ માત્ર ગરીબોની જ નહીં ઘણા બધા ઓફિસર્સની પણ દિવાળી સુધરતી હોય છે! અમારે ત્યાં જાંગડ ફટાકડા મળે. ૧૦ લાખના ફટાકડામાંથી મીડિયા હાજર હોય ત્યાં સુધીના જ ફૂટે અને બાકીના ક્યાં જાય તેનો ખુલાસો કરવાની જરૂર નથી લાગતી.

એક સમય હતો કે લોકો દિવાળીની રાતે મોડે સુધી જાગે અને બીજે દિવસે બેસતું વર્ષ એટલે સવારે પાંચ વાગ્યાથી એકબીજાને શુભેચ્છા પાઠવવા, આશીર્વાદ લેવા, આશીર્વાદ આપવા પહોંચી જાય અને સવારે ૯ વાગ્યા સુધીમાં તો લગભગ સગાં-સંબધીઓને ત્યાં જઇ આવ્યા હોય પણ અત્યારના સંજોગોમાં દિવાળીની રાત્રે દારૂ અને ગોળાનું પ્રમાણ ખૂબ વધી ગયું હોય એટલે સવારે હેંગઓવરમાં ક્યાંય જવાનું થતું નથી, વળી એક જાહેર સુવિધા પણ ઊભી થઇ ગઇ છે કે ફેસબુક પર લખી નાખો કે 'હેપ્પી દિવાળી ટુ ઓલ' અથવા થોડા વોટ્સએપ પર આવેલા સારા મેસેજને સાચવીને ફોરવર્ડ કરી દો એટલે નવા વર્ષની શુભેચ્છાઓ પહોંચી જાય છે! અને લોકો પણ એટલા સરળ બની ગયા છે કે સામે મેસેજ ફોરવર્ડ કરીને સંતોષ માની લે છે કે આપણે જાણે એકબીજાને ગળે લગાડીને નૂતન વર્ષાભિનંદન કહી દીધું! દિવાળીની રજાઓનો મહિમા પાછો બેસતા વર્ષે પૂરો નથી થઇ જતો, બીજા દિવસ ભાઇબીજ. આ તહેવારે ભાઇને બહેન ઘેર બોલાવીને જમાડે છે અને ભાઇ બહેનને રોકડ અથવા કોઇ ગીફ્ટ આપે છે. આ પછીના ત્રીજ અને ચોથ બે દિવસ તમને એ માટે શાંતિના આપવામાં આવ્યા છે કે દિવાળી દરમિયાન કરેલ ખર્ચ અને પગે લાગીને મળેલા રૂપિયાનો હિસાબ કરીને નક્કી કરી શકો કે લાભપાંચમમાં બોણીના નામે કોને શું શું બટકાવવું જેથી આ હિસાબ સરભર કરી શકાય. સારું લ્યો ત્યારે હું કહી દઉ કે મારો હિસાબ હંમેશાં માઇનસમાં જ હોય છે એટલે જો કોઇએ બોણીમાં હાસ્યના પ્રોગ્રામ કરવા હોય તો એડવાન્સ કરાવી ૫૦% પેમેન્ટ મોકલી આપવું અને આજ દિવસ સુધી કોઇને પણ એડવાન્સ પાછા આપ્યાનો દાખલો નથી બેઠો! એડવાન્સમાં હેપ્પી ન્યૂઇયરના મેસેજીસ આવે એમ કોઇ એડવાન્સ પેમેન્ટ આવે તો જ આપણી દિવાળી સુધરે એમ છે.

હા આ વર્ષે ધોકો નથી એટલે બ્રેક નહીં મળે પણ હા ચૂંટણીમાં ધોકો પછાડી લેજો માંડ પાંચ વર્ષે લાગમાં આવે છે.

### ૯૫મા વર્ષમાં પ્રવેશ્યા BJPના શિખરપુરુષ

# અક્ષરધામ પર આતંકી હુમલા વખતે ખાસ પ્લેનમાં ૩૫ NSG કમાન્ડો સાથે ગાંધીનગર આવેલા

અમદાવાદ: લાલકૃષ્ણ અડવાણીની જન્મભૂમિ ભલે કરાંચી રહી હોય, કર્મભૂમિ ભલે દિલ્હી રહી હોય પણ તેમનો ગુજરાત સાથે અલગ સંબંધ રહ્યો છે. સંસદીય રાજનીતિમાં અડવાણી છેક ૧૯૯૧માં ગાંધીનગરની બેઠક પરથી પહેલી વખત ચૂંટણી જીત્યા હતા. એ પછી ૧૯૯૮,૧૯૯૯,૨૦૦૪,૨૦૦૯ અને ૨૦૧૪ એમ કુલ છ વખત તેમને સંસદ સુધી પહોંચાડવામાં ગાંધીનગરની બેઠક ભાગ્યશાળી નીવડી. અડવાણીએ જ ૧૯૯૨માં સોમનાથથી અયોધ્યા સુધીની ''રામ રથયાત્રા'' કાઢીને રાજનીતિમાં ભાજપની ધાર તેજ કરી હતી. મહત્ત્વની વાત એ છે કે જ્યારે ગાંધીનગરમાં આતંકવાદી હુમલો થયો ત્યારે અડવાણી નાયબ વડાપ્રધાન હતા અને ઘટનાની જાણ થતાં તેઓ તાબડતોબ ખાસ વિમાનમાં NSG કમાન્ડોને લઈને દિલ્હીથી ગાંધીનગર પહોંચ્યા હતા. આજે ૮ નવેમ્બરે એલ.કે.અડવાણી ૯૪ વર્ષ પૂરાં કરીને ૯૫મા વર્ષમાં પ્રવેશ્યા છે ત્યારે તેમના ગુજરાત સાથેના સંબંધો તાજા કરીએ..

૧૯૯૧માં પહેલીવાર ગાંધીનગરથી ચૂંટણી લડ્યા

૧૯૯૧માં લાલકૃષ્ણ અડવાણી પહેલીવાર લોકસભામાંથી નવી દિલ્હી અને ગાંધીનગરની બે બેઠકો પર લડ્યા હતા, કારણ કે તે વર્ષે તેમને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રજૂ કરવામાં આવી રહ્યા હતા. નવી દિલ્હીમાં કોંગ્રેસના ઉમેદવાર અને બોલિવુડના સુપર સ્ટાર રાજેશ ખન્ના સામે કાંટે કી ટક્કર હતી.

## અડવાણીજીએ લખેલી આત્મકથા માય કન્ટ્રી, માય લાઈફમાં સોમનાથ મંદિર પ્રત્યેના લગાવનું વર્ણન કર્યું છે : ગાંધીનગર લોકસભા બેઠક પરથી સતત છ વખત સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા

દિલ્હીમાં રાજેશ ખન્ના સામે ૧૫૮૯ મતોના પાતળા માર્જિનથી જીત મેળવી શક્યા. ગાંધીનગરમાં અડવાણી કોંગ્રેસના ઉમેદવાર જી.આઈ. પટેલ સામે ૧.૨૫ લાખના મોટા માર્જિનથી જીત્યા હતા. અડવાણીએ નવી દિલ્હી મતવિસ્તારમાંથી રાજીનામું આપ્યું અને ખન્ના નવી દિલ્હી પેટાચૂંટણીમાં જીત્યા. આ રીતે અડવાણી ગાંધીનગર બેઠકના પહેલીવાર સાંસદ બન્યા. આમ તો ગાંધીનગર બેઠક પર શંકરસિંહ વાઘેલા સાંસદ હતા, પણ ભાજપે મધ્ય ગુજરાતના વિસ્તારો હસ્તગત કરવા શંકરસિંહને ગોધરાની ટિકિટ આપી અને કદાવર નેતા એલ.કે.અડવાણી ગાંધીનગરથી ચૂંટણી લડ્યા. ભાજપે એવું ગણિત માંડ્યું હતું કે રાષ્ટ્રીય નેતા જો ગુજરાતના પાટનગરથી ચૂંટણી લડે તો તેની અસર આખા ગુજરાતમાં પડશે. ભાજપનું આ ગણિત સાચું પડ્યું.

૧૯૯૬માં અડવાણી લડ્યા નહીં

૧૯૯૬માં ચૂંટણી આવી ત્યારે અડવાણીનું નામ હવાલા કૌભાંડમાં ચાલતું હતું. આતંકવાદીઓ દ્વારા હવાલાથી નાણાં પૂરા પાડવાનું કૌભાંડ બહાર આવ્યું, જેમાં સુરેન્દ્ર જૈનનું નામ ખુલ્યું હતું. જૈન પાસેથી બે ડાયરી મળી આવી, તેમાં એક ડાયરીમાં લાલકૃષ્ણ અડવાણીનું નામ હતું. અડવાણીએ એવો નિર્ણય જાહેર કર્યો કે જ્યાં સુધી પોતાનું નામ ક્લિયર નહીં થાય ત્યાં સુધી ચૂંટણી નહીં લડે. એટલે ૧૯૯૬ની ચૂંટણીમાં ગાંધીનગર બેઠક પરથી અટલ બિહારી વાજપેયી લડ્યા હતા. વાજપેયી એ વખતે ગાંધીનગર અને લખનૌ એમ બે સીટ પરથી લડતા હતા. બન્ને સીટ પર વાજપેયી જીત્યા અને તેમણે ગાંધીનગર બેઠક પરથી રાજીનામું આપ્યું.

એ વખતે વાજપેયીની સામે કોંગ્રેસના પોપટલાલ પટેલ ચૂંટણી લડ્યા હતા. ગાંધીનગર બેઠક માટે પેટા ચૂંટણી કરવી પડી. ત્યારે વિજય પટેલ ભાજપના ઉમેદવાર હતા અને તેની સામે કોંગ્રેસના ઉમેદવાર હતા સુપર સ્ટાર રાજેશ ખન્ના. ૧૯૯૮માં ગુજરાલ સરકાર પડી ભાંગી અને ફરી લોકસભાની ચૂંટણીઓ થઈ. એ સમયે અડવાણીનું નામ જૈન હવાલા ડાયરી પ્રકરણમાંથી નીકળી ગયું હતું, એટલે અડવાણી ગાંધીનગર બેઠક પરથી લડ્યા. ૧૯૯૮માં અડવાણી સામે કોંગ્રેસના પી.કે.દત્તા હાર્યા હતા.

૧૯૯૯માં અડવાણીએ શેષનને હરાવ્યા

ભારતના સિધ્ધાંતવાદી ગણાતા ૧૯૯૦ના સમયના મુખ્ય ચૂંટણી કમિશનર ટી.એન.શેષન ૧૯૯૯માં ગાંધીનગર બેઠક પરથી કોંગ્રેસમાંથી એલ.કે.અડવાણી સામે ચૂંટણી લડ્યા. આ પહેલાં શેષન ૧૯૯૭માં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડી ચૂક્યા હતા અને હાર્યા હતા. ગાંધીનગરની ચૂંટણીમાં પણ શેષનની હાર થઈ હતી. એ પછી અડવાણી સામે કોંગ્રેસમાંથી ૨૦૦૪માં ગભાજી ઠાકોર, ૨૦૦૯માં સુરેશ પટેલ, ૨૦૧૪માં કિરીટભાઈ પટેલનો અડવાણી સામે જીતવા માટે પનો ટૂંકો પડ્યો હતો.

તમામ હોદ્દા પરથી એકાએક રાજીનામું આપ્યું

વડાપ્રધાનપદ માટે અડવાણીજીનું નામ અનેકવાર આગળ થયું પણ તે છેલ્લે સુધી વડાપ્રધાન બની શક્યા નહીં. ૨૦૧૪ની ચૂંટણી વખતે ભારતીય જનતા પાર્ટીએ વડાપ્રધાનપદના ચહેરા તરીકે નરેન્દ્ર મોદીને જાહેર કર્યા, ત્યારે અડવાણીજીની નારાજગી સામે આવી અને તેમણે ૧૦ જૂન ૨૦૧૩ના રોજ ભાજપમાં તેમના તમામ હોદ્દા પરથી અણધારી રીતે રાજીનામું આપ્યું.

ભાજપના અધ્યક્ષ રાજનાથ સિંહને સંબોધિત ટૂંકાપત્રમાં તેમણે લખ્યું, ''મને હવે એવું નથી લાગતું કે આ તે જ આદર્શવાદી પાર્ટી છે જે ડૉ. મુખરજી, દીન દયાલજી, નાનાજી અને વાજપેયીજી દ્વારા બનાવવામાં આવી છે, જેની એકમાત્ર ચિંતા દેશ અને તેના લોકોની હતી. અમારા જેવા મોટાભાગના નેતાઓ હવે માત્ર તેમના અંગત એજન્ડાઓથી ચિંતિત છે.'' અડવાણીજીના રાજીનામાથી ભાજપમાં ભૂકંપ આવ્યો. રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ સહિતના નેતાઓ અડવાણીજીને મનાવવા દોડી ગયા. બીજા જ દિવસે ૧૧ જૂન ૨૦૧૩ના રોજ પોતાનું રાજીનામું પાછું ખેંચી લીધું અને ૨૦૧૪માં એ ગાંધીનગરની સીટ પરથી લડ્યા.

૨૦૧૯માં અડવાણીની સીટ પરથી અમિત શાહ લડ્યા

૨૦૧૯માં ઉંમરના કારણે અડવાણીજીએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી ત્યારે ગાંધીનગરની પ્રતિષ્ઠિત બેઠક પરથી એ સમયે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ચૂંટણી લડ્યા અને જંગી બહુમતીથી જીત્યા.

આત્મકથામાં સોમનાથનું વર્ણન કર્યું

અડવાણીજીએ આત્મકથા લખી છે ''માય કન્ટ્રી, માય લાઈફ''. હિન્દીમાં ''મેરા દેશ, મેરા જીવન''. આ આત્મકથામાં તેમને સોમનાથ મહાદેવ પ્રત્યે પોતાને કેવી રીતે લગાવ થયો તેની વાત વર્ણવી છે. તેઓ લખે છે ''અયોધ્યા રામ મંદિર ચળવળને તેના સાચા પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે, પહેલાં સ્વતંત્ર ભારતમાં પ્રખ્યાત મંદિરના પુનરુત્થાન વિશે જાણવું જરૂરી છે. અહીં ગુજરાતના સૌરાષ્ટ્ર કિનારે આવેલા પ્રભાસ પાટણના સોમનાથ મંદિરની વાત કરું છું. જે ભારતના પૌરાણિક અને ઐતિહાસિક ભૂતકાળથી વાકેફ નથી, તેમના માટે તે માનવું મુશ્કેલ હશે કે દરિયા કિનારે આવેલું આ એકલું મંદિર ભારતના સંઘર્ષ, વેદના, વિજય અને રાષ્ટ્રીય ગૌરવની કેવી કેવી કહાનીઓ વર્ણવે છે. મારી યુવાનીમાં મેં ડો. કન્હૈયાલાલ માણિકલાલ મુનશીની ઐતિહાસિક નવલકથા ''જય સોમનાથ'' વાંચી હતી, જેની મારા પર ઊંડી અસર થઈ હતી. આ નવલકથા મૂળ ગુજરાતી ભાષામાં છે, મેં તેનો હિન્દી અનુવાદ વાંચ્યો. તે સમયે હું બાવીસ વર્ષનો હોઈશ''. સોમનાથ પ્રત્યેના લગાવના કારણે જ તેમણે રામ રથયાત્રા અહીંથી શરૂ કરવાનું નક્કી કર્યું.

સોમનાથની ઐતિહાસિક ''રામ રથયાત્રા''

સંઘની હિન્દુત્વની વિચારધારા દેશભરમાં પહોંચે તે જરૂરી હતું. હિન્દુત્વની વિચારધારા થકી જ ભાજપ પોતાના મૂળિયાં ઊંડા નાખી શકે. આ માટે સોમનાથથી અયોધ્યા સુધીની ''રામ રથયાત્રા'' કાઢવાનો વિચાર એલ.કે.અડવાણીને આવ્યો અને ૨૫ સપ્ટેમ્બર ૧૯૯૦ના રોજ સોમનાથથી રામ રથયાત્રા શરૂ થઈ જે ૩૦ ઓક્ટોબર ૧૯૯૦ના રોજ અયોધ્યા પહોંચી. આ યાત્રા રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ સ્થળની આસપાસ કેન્દ્રીત મંદિર-મસ્જિદ વિવાદ સાથે જોડાયેલી હતી.એ પછી ૧૯૯૩માં જનદેશ યાત્રા, ૧૯૯૭માં સ્વર્ણ જયંતી રથયાત્રા, ૨૦૦૪માં ભારત ઉદય યાત્રા, ૨૦૦૬માં ભારત સુરક્ષા યાત્રા, ૨૦૧૧માં જન ચેતના યાત્રા અડવાણીજીના નેતૃત્વમાં નીકળી.

# કાર્બનડાયોક્સાઇડથી મચ્છરો આકર્ષાય છે, ૭૫ ફૂટથી માણસની ગંધ પારખી જાય છે !

## રાજકોટ મનપાના આરોગ્ય અધિકારી પી.પી.રાઠોડ સાથે વિશેષ ચર્ચા કરી

રાજકોટ: ગુજરાતભરમાં દિવસના સમયે અને એમાંય વિશેષતઃ સૂર્યાસ્ત પહેલાં અને સૂર્યોદય પછીના બે કલાક દરમિયાન વધુ કરડતા એડિસ ઈજિપ્ટી પ્રકારના મચ્છરાને કારણે ડેન્ગ્યુ તાવના કેસોમાં અનેકગણો વધારો આ વર્ષે આવ્યો છે. કોરોના વાઈરસનો ચેપ માણસથી માણસમાં પ્રસરે એમ ડેન્ગ્યુ વાઈરસનો ચેપ માણસથી મચ્છરમાં અને મચ્છરથી માણસમાં પ્રસરે છે. આ મચ્છરોને વસતિ વધારવા, એક્ટિવ (કરડવા માટે) રહેવા ૧૬થી ૨૮ સે.વચ્ચેનું તાપમાન અનુકૂળ હોય છે અને એથી વધુ કે ઓછા તાપમાનમાં એ મૃતપ્રાય થાય છે અને હાલ ગુજરાતમાં આવું હવામાન હોય અને એમાં ઉપરથી ભારે વરસાદથી છીછરા, ચોખ્ખા પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ હજુ એકાદ માસ જારી રહેવાની સંભાવના તબીબો જણાવે છે.

ભારતમાં ૨૫૦ પ્રકારના મચ્છરો છે

ધરતી પર મચ્છરોની ૩૦૦૦ જાત છે અને ભારતમાં ૨૫૦ પ્રકારની, એમાં ગુજરાતમાં માત્ર ૨૩ પ્રકારના મચ્છરો હોય છે પરંતુ આ પ્રકારોમાં ડેન્ગ્યુ ફેલાવતા અને ઘર-ઓફિસમાં બંધિયાર છીછરા પાણીમાં પેદા થતા એડિસ ઈજિપ્ટી પ્રકારના મચ્છર સૌથી ખતરનાક હોય છે, જે ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા ગંભીર રોગ ફેલાવે અને મુખ્યત્વે દિવસે કરડે છે. જ્યારે ઓનોફિલીઝ મચ્છરો મલેરિયા ફેલાવે છે અને એ કેસો હાલ નહિવત્ નોંધાય છે. ત્રીજો મુખ્ય પ્રકાર ક્યુલેક્સ મચ્છરોનો છે, જે ગટર, ખાબોચિયાંના ગંદા પાણીમાં પેદા થાય છે અને સૌથી મોટા કદના તથા સૌથી વધુ ડંખ મારનારા હોય છે, જેનાથી હાથીપગો ફેલાય, પણ પણ એના વાઈરસ હાલ સક્રિય નથી, તેથી એ મચ્છરો ન્યૂસન્સ મચ્છરો ગણાય છે.

મચ્છર કરડી ગઈ એ શબ્દપ્રયોગ સાચો છે

ડેન્ગ્યુ ફેલાવતા એડિસ મચ્છરોની વિગતો રસપ્રદ છે. આ પ્રકારના નર જાતિના મચ્છરો તો ફૂલ અને પાંદડાંનો રસ ખાઈ પેટ ભરી લે છે, મનુષ્યને કરડતા નથી, પરંતુ માત્ર માદા મચ્છરો જ મનુષ્યનું લોહી પીવા કરડે છે. રાજકોટ મનપાના નાયબ આરોગ્ય અધિકારી ડો.પંકજ રાઠોડ આ અંગે માહિતી આપતાં કહે છે, એક વાર ડંખ મારે એટલે માત્ર ૦.૧ મિમી લોહી મનુષ્યના શરીરમાંથી ખેંચે છે, પરંતુ એ દરમિયાન જો આ મચ્છર કોઈ ડેન્ગ્યુ દર્દીને કરડીને સાજા માણસને કરડે એટલે તેને ચેપ ફેલાવે છે. આમ, વ્યાકરણ મુજબ મચ્છર કરડી ગયો કે કરડી ગયું એ નહીં, પણ મચ્છર કરડી ગઈ એ શબ્દપ્રયોગ સાચો છે!

આ મચ્છરનું આયુષ્ય માત્ર ૩૦ દિવસનું હોય છે

મનુષ્યને ૩૨ દાંત હોય છે ત્યારે મચ્છરને ૭૦ દાંત હોય છે. નદી-ગટરમાં પેદા થતા મચ્છર ૩ કિ.મી.દૂર સુધી જઈ શકે પણ ડેન્ગ્યુના મચ્છર માત્ર ૩૦૦ મીટર સુધી જ દૂર જઈ શકે છે, અર્થાત્ એક શેરી-લત્તાનું મચ્છર બીજી શેરીમાં જતું નથી! માદા મચ્છર માટે માણસોને કરડવું તે જીવનનો સવાલ છે. આ મચ્છરનું આયુષ્ય માત્ર ૧૫-૨૦ દિવસનું હોય છે પરંતુ, એટલા જીવનમાં તે ૧૦થી ૧૨ વાર અને દરેક વખતે એક સાથે ૧૫૦-૨૦૦ ઈંડા મુકે છે, જેનો નાશ ન થાય કે ન કરાય તો દરેક ઈંડામાંથી ૭થી ૧૨ દિવસમાં અનુક્રમે લાર્વા, પ્યુપા અને પુખ્તમચ્છર બની જાય છે અને આ મચ્છરની મા જો ડેન્ગ્યુથી ચેપગ્રસ્ત હોય તો તે મચ્છર પણ ડેંગ્યુ ફેલાવે છે!

જોયા વગર તે માણસ સુધી પહોંચીને કરડે

ઘર-ઓફિસમાં ડેન્ગ્યુના મચ્છરને નરી આંખે ઝીણવટથી જુઓ તો ઓળખી શકાય છે, ક્યુલેક્સ મચ્છર સપાટીને સમાંતર ખૂંધ કાઢીને બેસે, મલેરિયા ફેલાવતા ઓનોફિલીઝ મચ્છર ૪૫ ડીગ્રીએ ખૂણો બનાવીને બેસે ત્યારે એડિસ મચ્છર સપાટીને સમાંતર બેસે છે. વળી, જાણકારો કહે છે કે મચ્છર ૭૫ ફૂટ દૂરથી માણસની ગંધ,શ્વાસ પારખી જાય છે અને આંખ નહીં હોવા છતાં જોયા વગર તે માણસ સુધી પહોંચીને કરડે છે.

આ ઈંડાં એક વર્ષ સુધી જીવી શકે

આ મચ્છરોનો ત્રાસ ક્યારે ઓછો થશે? મનપા સૂત્રો કહે છે કડકડતી ઠંડી પડે, ૧૬ સે.થી નીચે તાપમાન જાય અને ટકે ત્યારે એક તો મચ્છરો નિષ્ક્રિય થવા લાગે છે અને બીજું લોકો આંખી બાંયના વસ્ત્રો પહેરતાં હોય છે ત્યારે ડેન્ગ્યુનો ફેલાવો ઘટે છે.

આમ, એક-દોઢ માસ હજુ ખતરો વધુ રહેશે અને કડકડતી ઠંડીમાં એ ઘટશે. આ ઉપરાંત ઉનાળામાં જ્યારે ૪૦ સે.એ તાપમાન પહોંચે ત્યારે પણ આ મચ્છરોને કરડવાનું કામ અશક્યવત્ બની જાય છે. અલબત્ત, મચ્છરે જ્યાં ઈંડાં મૂક્યાં હોય ત્યારે એની સઘન સફાઈ ન થઈ હોય તો આ ઈંડા એક વર્ષ સુધી જીવી શકે અને વરસાદનું પાણી મળે ત્યારે ફરી જીવિત થઈને બહાર આવી શકે છે.

### મિલકત બાબતનો ઝઘડો વધતા

## મોટો ભાઈ નાના ભાઈ પર છરીથી પેટના ભાગે હુમલો કરી નાસી ગયો

અમદાવાદ: મિલકત અને પ્રોપર્ટીના મામલે લોહીના સંબંધો લોહિયાળ થઇ જતા હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે ત્યારે વધુ એક કિસ્સો સરદારનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે, જેમાં મિલકત બાબતે ભાઈએ ભાઇ પર છરી હુલાવીને મોતને ઘાટ ઉતારવાની કોશિશ કરી હતી. પોલીસે ગઈકાલે મોડી રાતે હુમલો કરનાર ભાઇ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

સુનીલ તેના પુત્ર સાથે રહે છે

જેમાં છેલ્લાં ઘણાં વર્ષોથી મિલકત મામલે વિવાદ ચાલી રહ્યો છે. પરિવારની તમામ પ્રોપર્ટી તેના ભાઈ વસંત અને તેની પત્ની પારુલના નામે છે. અમદવાદના નરોડાની ગેલેક્સી સિનેમા સામે આવેલી નીલકમલ સોસાયટીમાં રહેતા સુનીલ પરમારે તેના ભાઇ મહેન્દ્ર પરમાર વિરુદ્ધ હત્યાની કોશિશની ફરિયાદ કરી છે. સુનીલ પરમાર તેના પુત્ર સાથે રહે છે અને પાંચ વર્ષ પહેલાં તેની પત્ની સાથે છૂટાછેડા થઇ ગયા હતા. સુનીલ પરમારને પાંચ ભાઈઓ સુનીલ પરમારનો મોટો ભાઇ મહેન્દ્ર અવારનવાર તમામ ભાઈઓ સાથે મિલકતના મામલે બોલાચાલી કરીને બબાલ કરતો હોય છે,

મહેન્દ્રએ સુનીલના ઘર જઈ ગાળાગાળી કરી હતી

તા.૪ના રોજ સુનીલ પોતાના ઘરે હાજર હતો ત્યારે મહેન્દ્ર ત્યાં આવ્યો હતો અને જોરજોરથી ગાળો બોલીને બબાલ શરૂ કરી હતી. સુનીલે ગાળો બોલવાની ના પાડતાં મહેન્દ્ર ઉશ્કેરાયો હતો અને સુનીલના મોઢા પર ફેંટ મારી હતી.

ભારતીય જનતા પાર્ટી
સુરત મહાનગરના વોર્ડ નંબર ૧૮
પરીવાર તરફ થી આપ સૌને નૂતન વર્ષ તેમજ
લાભ પાંચમની હાર્દિક શુભેચ્છાઓ

શેખ અઝહર અકબર શરીફ
મહામંત્રી (લઘુમતી) વોર્ડ નંબર ૧૮ લિમ્બાયત-પરવત
સુરત મહાનગર - ભારતીય જનતા પાર્ટી
પ્રેસીડેન્ટ સદ્ભાવના ડ્રીમ્સ ફાઉન્ડેશન

આહવા - ડાંગ જિલ્લાના
તમામ ભાઈ-બહેનોને
નૂતન વર્ષ અને
લાભ પાંચમની હાર્દિક શુભેચ્છા
E-mail : poladgujarat@gmail.com
RNI. GUJGUJ/2013/52372
પોલાદ ગુજરાત
POLAD GUJARAT WEEKLY NEWSPAPER SURAT
આપની સંસ્થાની પ્રેસનોટ તથા
જાહેરખબર માટે સંપર્ક કરો
આહવા-ડાંગ પ્રતિનિધિ
મનિષ એમ.બહાતરે મો. ૯૪૦૯૬૩૩૫૯૬
અશ્વિન ભોયે મો. ૯૫૩૭૭૫૨૫૪૪

નૂતન વર્ષ તેમજ
લાભ પાંચમની હાર્દિક શુભકામના

N.C.P.
શ્રી પિલાજીભાઇ સામજીભાઇ ગામીત
તાપી જિલ્લા પ્રમુખ
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)
મો. ૮૧૪૧૭ ૪૮૩૨૫

## સુરતમાં ખુદ પેટ્રો-કેમિકલમંત્રી મુકેશ પટેલને જ પેટ્રોલ પંપે ડીઝલ ઓછું આપ્યું

# પેટ્રોલ પંપ સીલ કરાવ્યો

સુરતઃ સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં યશ પેટ્રોલ પંપ સીલ કરવામાં આવ્યું છે. આ?ર્યજનક બાબત એ છે કે ખુદ પેટ્રોકેમિકલમંત્રી પોતે પોતાની ગાડીની અંદર ડીઝલ પુરાવવા માટે પેટ્રોલ પંપ પર ગયા હતા. ડીઝલ જેટલા પ્રમાણમાં ભરાવાનું હતું એના કરતાં ઓછું આપ્યું હોવાનું સામે આવતાં તાત્કાલિક અસરથી ક્લેકટરને જાણ કરાઇ હતી. ક્લેકટર દ્વારા તેમની ટીમને યશ પેટ્રોલ પંપ પર મોકલીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નિયારા કંપનીનો પેટ્રોલ પંપ સીલ

નિયારા કંપની દ્વારા નવો પેટ્રોલ પંપ શરૂ કરવામાં આવ્યો છે. આ પેટ્રોલ પંપ પર વાહનોમાં પેટ્રોલ અને ડીઝલ ભરાવવા આવતા વાહનચાલકોએ છેલ્લા કેટલાક દિવસથી ફરિયાદ કરી હતી કે, તેમના દ્વારા કટ મારવામાં આવે છે. ડિસ્પ્લેમાં જેટલું ડીઝલ-પેટ્રોલ ભર્યું હોય એ દેખાય છે, એના કરતા ઓછું ટેન્કમાં ભરતા હોવાની ફરિયાદ હતી. પેટ્રો-કેમિકલ્સ મંત્રી મુકેશ પટેલ પોતાની ગાડી લઈને ત્યાં પહોંચ્યા હતા. તેમણે પોતાની ગાડીની અંદર ડીઝલ ભરાવ્યું હતું. ડીઝલ ઓછું ભરાવાની શંકા જતાં તેમણે પેટ્રોલ પંપના સંચાલકને બોલાવ્યા, તેમણે પેટ્રોલ પંપ પર જે સ્ટોક મેઈન્ટેન કરવાનું રજિસ્ટર હોય છે, એ તપાસવા માટે માગ્યું તો એમાં આ?ર્યજનક બાબત સામે આવી. છેલ્લા ત્રણ-ચાર દિવસથી કોઇ પણ પ્રકારના સ્ટોકની માહિતી લખવામાં આવી ન હતી, જે ગંભીર બેદરકારી માનવામાં આવે છે. તમામ પેટ્રોલ પંપના સંચાલકો દ્વારા પેટ્રોલના વેચાણ અને સ્ટોક અંગેની તમામ માહિતી ફરજિયાત પણે મેઈન્ટેન રાખવાની હોય છે.

તોલમાપની ટીમે તપાસ કરી હતી

પેટ્રોકેમિકલમંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે હું પોતે મારી ગાડી લઈને ત્યાં પહોંચ્યો હતો અને લોકોને જે મુશ્કેલી આવી રહી છે એનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો હતો. પેટ્રોલ પંપ સંચાલકની ગંભીર બેદરકારીને ધ્યાનમાં લઈને તાત્કાલિક અસરથી કલેકટરને ત્યાંથી જ ફોન કર્યો હતો. કલેક્ટરે તાત્કાલિક અસરથી પુરવઠા વિભાગની અને તોલમાપ વિભાગની ટીમે ઘટનાસ્થળ પર મોકલીને તપાસ શરૂ કરતાં પેટ્રોલ પંપના સંચાલકોની ગંભીર બેદરકારી જણાતાં તાત્કાલિક અસરથી એને સીલ કરવામાં આવ્યો છે. મંત્રીએ કહ્યું હતું કે રાજ્યના તમામ પેટ્રોલ પંપના સંચાલકો સતર્ક થઈ જાય. ગ્રાહકો સાથે જરા પણ છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો તો તમારી સામે કાર્યવાહી કરવામાં આવશે.

































OWNER, PUBLISHER, PRINTER & EDITOR : UTTAM NARAYAN BIRHADE, PRINTED AT TAPTILOK PUBLICATION, 152,153, SHRIRAM INDUSTRIAL ESTATE, PANDESARA. SURAT (GUJARAT)
PUBLICATION PLACE : 286-GUJARAT HOUSING BOARD, EKTANAGAR, OPP. CHANDRALOK SOCIETY, PARVAT GAM, SURAT-395010 (GUJ.) (SUBJECT TO SURAT JURISDICTION)